| PUBLICATION NAME : | Divya Gujarat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 05/09/2023 |
| PAGE : | 3 |

# ઈડીઆઈઆઈના ફેકલ્ટીને માનનીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા નેશનલ ટીચર્સ એવોર્ડ ૨૦૨૩ એનાયત કરાશે

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ખાતે આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર અને પ્રોફેસર ડો. સત્ય રંજન આચાર્યને હાયર એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂશન્સ (એચઈઆઈ) એન્ડ પોલીટેક્નિક ઈન્સ્ટિટ્યૂટ્સ માટેની એવોર્ડ કેટેગરીમાં નેશનલ ટીચર્સ એવોર્ડ ૨૦૨૩ મેળવવા માટે પસંદ કરાયા છે. તેઓ ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન તરફથી પસંદ કરાયેલા ૧૩ પુરસ્કાર વિજેતાઓ પૈકીના એક છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ ૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ દ્વારા એનાયત કરાશે. ડો.



આચાર્ય આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનના ક્ષેત્રમાં એક શિક્ષણવિદ્ છે. તેઓ ઉભરતાં ઉદ્યોગ સાહસિકો તથા વિકસીત ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપવામાં કુશળતા ધરાવે છે. તેઓ ઈડીઆઈઆઈ ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનના ડાયરેક્ટર અને પ્રોફેસર છે. હાલમાં તેઓ ગુજરાતના કમીશનર ઓફ કોટેજ એન્ડ રૂરલ ઈન્ડસ્ટ્રી દ્વારા સ્પોન્સર કરાયેલા 'હસ્તકલા સેતુ' પ્રોજેક્ટનું નેતૃત્વ કરી રહ્યાં છે.

ભારતમાં શિક્ષકોના ઉત્કૃષ્ટ યોગદાનને માન્યતા આપવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા અપાતો નેશનલ ટીચર્સ એવોર્ડ એક પ્રતિષ્ઠિત પુરસ્કાર છે. આ એવોર્ડમાં સર્ટિફિકેટ ઓફ મેરિટ, રોકડ પુરસ્કાર અને સિલ્વર મેડલ આપવામાં આવે છે. નેશનલ ટીચર્સ એવોર્ડ માટે ડો. આચાર્યની પસંદગી ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ પ્રત્યે તેમના સમર્પણ અને કટીબદ્ધતાનો પુરાવો તેમજ ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે તેમની કામગીરીથી ભારતમાં વધુ વાઈબ્રન્ટ આંત્રપ્રિન્યોરલ ઈકોસિસ્ટમની રચના કરવામાં મદદ મળી છે.